અગત્યનું

જા.નં.નિ અને અસ./અષણ-૫/૭૩૦/૨૦૧૫
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ
સહકારખાતુ , ગુ.રા., ચોથેમાળ,
કૃષિભવન, પાલડી,અમદાવાદ.
ફોન.નં-૨૬૫૭૭૩૯૧,ફેક્સ- ૨૬૫૭૭૩૯૨
Email : exoff –agri- and @gujarat.gov.in
તા.૧૫/૭/૧૫

વિષય- દૂધ ઉત્પાદક સહકારી મંડળી તથા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના અન્વેષણ વર્ગ બાબત.

પરિપત્રઃ-

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે તા. ૧૦/૪/૨૦૧૫નાં નોટીફીકેશન ક્રમાંક: GHKH/49/2015/GCS/102015/193/CHH તેમજ તા. ૭/૪/૨૦૧૫ ગુજરાત એક્ટ નં. ૧૨/૨૦૧૫નાં અસાધારણ સરકારી ગેઝેટ દ્વારા ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧માં કરેલ સુધારા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેમાં કલમ-૨૭(૩)ની જોગવાઇ મુજબ અધિનિયમની કલમ-૮૪ અન્વયેનાં વૈધાનિક અન્વેષણનાં અંતે સહકારી મંડળીને પ્રાપ્ત થતાં અન્વેષણ વર્ગને સમવાયી મંડળીની ચૂંટણી પ્રક્રિયાનાં મતાધિકાર સાથે સાંકળવામાં આવેલ છે. તદનુસાર ઓડીટ વર્ગ "અ", "બ", "ક" (A,B,C) ધરાવનાર સહકારી મંડળી તેની સમવાયી મંડળીની ચૂંટણીમાં મતાધિકારનો ઉપયોગ કરી શકશે. આથી પ્રત્યેક સહકારી મંડળીનું વૈધાનિક અન્વેષણ તટસ્થ, ન્યાયી અને પારદર્શક રીતે થાય અને અન્વેષણનાં અંતે અન્વેષણ વર્ગ પ્રાપ્ત થવા અંગેની ધોરણસરની માર્કશીટ ઓડીટ મેમામાં રજુ કરવામાં આવે તેમજ ઓડીટ મેમાનાં પ્રથમ પાના ઉપર ગુજરાતી "અ" "બ" "ક" "ડ" તેમજ અંગ્રેજીમાં "A" "B" "C" "D" એ પ્રમાણે બંને ભાષામાં સ્પષ્ટપણે સુવાચ્ય અક્ષરોમાં પ્રાપ્ત થયેલ ગુણ સાથે ઓડીટ વર્ગ દર્શાવવામાં આવે તે અત્યંત જરૂરી અને આવશ્યક હોઇ આ બાબતે આપના જિલ્લાનાં તમામ ઓડીટરશ્રીઓ, પ્રમાણિત ઓડીટરશ્રીઓ તેમજ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટશ્રીઓનું અચૂક ધ્યાન દોરવા જણાવવામાં આવે છે.

સમવાયી મંડળીની ચૂંટણી દરમ્યાન મતાધિકાર બાબતે સભાસદ મંડળીના ઓડીટ વર્ગ બાબતે કાનૂની વિવાદ ઉપસ્થિત થાય, તેવા સંજોગોમાં સંબંધિત મંડળીના અસલ ઓડીટમેમાના પ્રથમ પાના ઉપર ગુજરાતી તેમજ અંગ્રેજીમાં દર્શાવેલ ઓડીટ વર્ગ અને પ્રાપ્ત થયેલ ગુણની વિગત આધારભૂત પુરાવો ગણાશે. આથી અન્વેષણ વર્ગ આપવા બાબતે સહકાર ખાતાની સ્થાયી સૂચનાઓ વિરૂધ્ધ કોઇ પણ પ્રકારની નિષ્કાળજી, બેદરકારી દાખવવામાં આવશે તો તે અંગે સબંધિત ઓડીટરની જવાબદારી રહેશે. અને આ બાબતને ગંભીરતાથી લેવામાં આવશે. આથી સમવાયી મંડળીની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી મુક્ત, ન્યાયી, તટસ્થ રીતે થાય તે હેતુસર પ્રત્યેક સહકારી મંડળીને કાળજીપૂર્વકની ચકાસણીનાં અંતે ગુણપત્રક તૈયાર કરી તે મુજબ અન્વેષણ વર્ગ આપવામાં આવે તે બાબત તમામ ઓડીટરશ્રીઓના ધ્યાને મૂકવા જણાવવામાં આવે છે.

આ પરિપત્રનો ચૂસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે. તેમજ આ પરિપત્ર મળ્યા બદલની પહોંચ પાઠવવી.

( કૌશિક જોષી )
મુખ્ય કાર્યપાલક અધિકારી,
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ,
સહકાર ખાતું, ગુ.રા, અમદાવાદ

પ્રતિ,

(૧) સ્પે.ઓડીટરશ્રી, (મિલ્ક ઓડીટ) મિલ્ક ઓડીટ ઓફીસ, તમામ (આપના તાબાના કર્મચારીઓને પરિપત્રીત કરી, ચૂસ્તપણે અમલ કરવા સારૂ.)

(૨) જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ તમામ. (જાણ તેમજ મિલ્ક ઓડીટની સંકલન બેઠક તથા એકસૂત્રતા બેઠકમાં ચર્ચા-પરામર્શ સારૂ.)

(૩) કચેરીના તમામ અધિકારીઓ અને શાખાવડાશ્રીઓ.

નકલ સાદર રવાના:-

(૧) નાયબ સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સહકાર કમિશ્નર અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૩) પ્રમુખશ્રી, ગુજરાત સહકારી ટ્રિબ્યુનલ, અમદાવાદ.

(૪) સંયુક્ત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ,તમામ.

(૫) અધિક રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) સહકારી મંડળીઓ, રાજકોટ

(૬) સંયુક્ત રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) અમદાવાદ/વડોદરા.

(૭) ખાંડ નિયામકશ્રી, ગાંધીનગર.

(૮) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (વાણીજ્ય), વડી કચેરી, ગાંધીનગર

(૯) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (વહીવટ), વડી કચેરી, ગાંધીનગર (વેબ સાઇટ ઉપર મૂકવા વિનંતી સહ)

(૧૦) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (ઓડીટ), વડી કચેરી, ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

(૧) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત કો-ઓપ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ. આણંદ.(જાણ તેમજ જરૂરી સુપરવીઝન અર્થે વ્યવસ્થા ગોઠવવા સારૂ)

(૨) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (તમામ) (જાણ તેમજ જરૂરી સુપરવીઝન અર્થે)

<u>અગત્યનું</u>

જા.નં.નિ અને અસ./અષણ-૫/૭૯૩ /૨૦૧૫
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ
સહકારખાતુ . ગુ.રા., ચોથેમાળ,
કૃષિભવન, પાલડી,અમદાવાદ.
ફોન.નં-૨૬૫૭૭૩૯૧,ફેક્સ- ૨૬૫૭૭૩૯૨
Email : exoff –agri- and @gujarat.gov.in
તા૧૩/૭/૧૫

વિષયઃ- દૂધ ઉત્પાદક સહકારી મંડળી તથા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના અન્વેષણ વ્યવસ્થા બાબત.

<u>પરિપત્રઃ-</u>

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે,કૃષિ અને સહકાર વિભાગનાં નોટિફિકેશન ક્રમાંકઃ–જીએચકેએચ–૪૯–૨૦૧૫–જીસીએસ–૧૦૨૦૧૫–૧૯૩–સીએચએસ અન્વયે તા. ૦૭/૦૪/૨૦૧૫ નાં ગુજરાત એક્ટ નં. ૧૨/૨૦૧૫ થી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ –૧૯૬૧ માં સુધારા કરવામાં આવેલ છે,જેમાં અધિનિયમ ની કલમ–૮૪ ધ્યાને લેતાં, પ્રત્યેક સહકારી મંડળીઓનાં હિસાબોનું દર વર્ષે એક વખત ઓડીટ થાય તે માટે ની અન્વેષણ વ્યવસ્થા રજિસ્ટારશ્રીએ ગોઠવવાની રહેશે.તેમજ ઓડીટ રીપોર્ટમાં દર્શાવેલ ખામીઓની વાસ્તવિક દુરસ્તી થાય તે હેતુથી નિશ્ચિત સમય મર્યાદામાં અન્વેષણ અહેવાલમાં દર્શાવેલ ક્ષતિઓની વાસ્તવિક દુરસ્તી કરવામાં જે કોઈ સહકારી મંડળીઓ નિષ્ફળ જાય તેને રૂ.૫૦૦૦/–થી વધું નહી તેટલી રકમનો દંડ (પેનલ્ટી )કરવાની સત્તાઓ રજિસ્ટારશ્રીને આપવામાં આવી છે.

સહકાર કમિશ્નરશ્રી અને રજિસ્ટારશ્રી સહકારી મંડળી, ગુ.રા. ગાંધીનગરનાં તા. ૦૬/૦૧/૧૪નાં પરિપત્ર ક્રમાંકઃઅષણ/૨૨/જ–૨/૧/૨૦૧૪થી તારીજનાં આધારે ઓડીટ ફાળવણી માટે,અન્વેષણ ક્ષમતાનાં ધોરણો નક્કી ગયેલ છે.તે અનુસારની પાત્રતા ધરાવતા અન્વેષકોને સહકારી મંડળીઓનું ઓડીટ ફાળવવાનું રહે છે.પરંતુ અનુભવે એવું જણાયું છે કે અન્વેષણ વ્યવસ્થા અંગેના નિયત રજિસ્ટરો યોગ્ય રીતે ન નિભાવવા,રજિસ્ટરમાં સાચી વિગતો ન ભરવી,અધિકારી ગેર માર્ગે દોરાય તેવી આંકડાકીય વિગતો ભરવી,નિયત પાત્રતા ધરાવતા અન્વેષકને સહકારી મંડળીઓનું ઓડીટ ફાળવવું,એકજ અન્વેષકને વારંવાર સંબધિત સહકારી મંડળીનું ઓડીટ ફાળવવું,ઓડીટ દુરસ્તી અહેવાલ પ્રત્યે દુર્લક્ષ સેવવું, સંબધિત ઓડીટરને સહકારી મંડળીનું ઓડીટ ફાળવેલ ન હોવા છતાં જે તે સહકારી મંડળીનું ઓડીટ કરી અન્વેષણ અહેવાલ રજૂ કરવો,જે અહેવાલ તેમજ તેની દુરસ્તીને સબંધિત સ્પેશ્યલ ઓડીટરશ્રી, ઓડીટરે ધ્વારા માન્ય કરવી વગેરે પ્રકારની અનિયમીતતાઓ ધ્યાનેઆવેલ છે.આ પ્રકારની કાર્યપધ્ધતિ સહકારી મંડળીની અન્વેષણ વ્યવસ્થા તેમજ જાહેર વહીવટના હિત વિરૂધ્ધની બાબત છે. આથી અન્વેષણ વ્યવસ્થા બાબતે નીચે જણાવેલ તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

(૧) અન્વેષણ વ્યવસ્થા બાબતનાં નિયત કરેલ રજિસ્ટરો ચોકકસ રીતે, સુવાચ્ય અક્ષરોમાં, સાચી આંકડાકીય વિગતો દર્શાવીને નિભાવવાના રહેશે, જો આ બાબતે નિષ્કાળજી સેવવામાં આવશે, સરકારી રેકર્ડમાં ખોટી વિગતો ભરી,ખોટું રેકર્ડ ઉભું કરવા બદલની શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ફરજ પડશે.

(૨)સહકાર કમિશ્નરશ્રીની સ્થાયી સૂચનાનુસાર પાત્રતા ધરાવતાં અન્વેષકોને તેમની પાત્રતા અનુસારની સહકારી મંડળીની ઓડીટની કામગીરી ફાળવવાની રહેશે.

(૩) અન્વેષણ અહેવાલની દુરસ્તી બાબતે પણ ચોકકસ તકેદારી રાખવાની રહેશે તેમજ અધિનિયમની કલમ–૮૫ માં આ બાબતે કરેલ પેનલ્ટી હુકમ અપીલને પાત્ર હોવાથી કયાં કારણોસર અન્વેષણ દુરસ્તી અમાન્ય કરેલ છે.તેના સ્પષ્ટ કારણો દર્શાવવાના રહેશે.તેમજ કલમ–૮૫ નાં પરિપ્રેક્ષ્યમાં અન્વેષણ દુરસ્તી અહેવાલ રજૂ કરવા માટેની ચોકકસ સમય મર્યાદા નિયત કરી,તેની સબંધિત સહકારી મંડળીને

ધોરણસરની પધ્ધતિથી જાણ કરવાની રહેશે. જેથી કાનુની વિવાદ ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં અત્રેનો હુકમ માન્ય રહે તે પ્રકારની પૂરતી કાળજી લેવાની રહેશે.

(૪)જે તે ઓડીટરને સબંધિત મંડળીનું ઓડીટ ફાળવેલ હોય,તે ઓડીટ ફાળવણીનાઆદેશ ક્રમાંકની નોંધ ઓડીટ અહેવાલ ના પ્રથમ પાના ઉપર કરવાની રહેશે,તેમજ તેની નકલ અન્વેષણ અહેવાલ સાથે રજુ કરવાની રહેશે,અન્વેષણ માટે સહકારી મંડળી ફાળવેલ ન હોવા છતાં જે કોઈ ઓડીટરે સહકારી મંડળીનું ઓડીટ કરી ઓડીટ મેમો રજુ કરેલ હોઈ તેવી મંડળીનું ટેસ્ટ ઓડીટ/સ્પેશયલ ઓડીટ હાથ ધરવાનું રહેશે.તેમજ સબંધિત ઓડીટર જો સહકાર ખાતાના પ્રવત કર્મચારી હોય તો તેઓને કારણદર્શક નોટિસ પાઠવી તેમનો ખુલાસો મેળવી ગુણદોષ પર ધોરણસરની શિસ્તવિષયક કાર્યવાહી હાથ ધરવાની રહેશે.તેમજ પેનલ ઉપરના અન્વેષકે જો આ પ્રકારનું કૃત્ય આચરેલ હોય"તો તેને પેનલ પરથી દુર કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

આ પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવા તેમજ સંબધકર્તા તમામ અન્વેષકોના ધ્યાને મુકવા જણાવવામાં આવે છે. આ પરિપત્રના અમલીકરણ સબંધી નિષ્કાળજી કે બેદરકારીને ગંભીરતાથી લેવામાં આવશે,જેની સ્પષ્ટપણે નોંધ લેવી.

આ પરિપત્ર મળ્યા બદલની પહોંચ પાઠવવી.

( કૌશિક જોષી )
મુખ્ય કાર્યપાલક અધિકારી.
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ,
સહકાર ખાતું, ગુ.રા, અમદાવાદ

પ્રતિ,

(૧) સ્પે.ઓડીટરશ્રી, (મિલ્ક ઓડીટ) મિલ્ક ઓડીટ ઓફીસ, તમામ (આપના તાબાના કર્મચારીઓને પરિપત્રીત કરી, ચુસ્તપણે અમલ કરવા સારૂ.)

(૨) જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ તમામ. (જાણ તેમજ મિલ્ક ઓડીટની સંકલન બેઠક તથા એકસૂત્રતા બેઠકમાં ચર્ચા-પરામર્શ સારૂ.)

(૩) કચેરીના તમામ અધિકારીઓ અને શાખાવડાશ્રીઓ.

<u>નકલ સાદર રવાના:-</u>

(૧) નાયબ સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સહકાર કમિશ્નર અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૩) પ્રમુખશ્રી, ગુજરાત સહકારી ટ્રિબ્યુનલ, અમદાવાદ

(૪) સંયુક્ત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, તમામ.

(૫) અધિક રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) સહકારી મંડળીઓ, રાજકોટ

(૬) સંયુક્ત રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) અમદાવાદ/વડોદરા.

(૭) ખાંડ નિયામકશ્રી, ગાંધીનગર.

(૮) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (વાણીજ્ય), વડી કચેરી, ગાંધીનગર

(૯) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (વહીવટ), વડી કચેરી, ગાંધીનગર (વેબ સાઇટ ઉપર મૂકવા વિનંતી સહ)

(૧૦) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (ઓડીટ), વડી કચેરી, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત કો-ઓપ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ. આણંદ.(જાણ તેમજ જરૂરી સુપરવીઝન અર્થે વ્યવસ્થા ગોઠવવા સારૂ)

(૨) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (તમામ) (જાણ તેમજ જરૂરી સુપરવીઝન અર્થે)

અગત્યનું

જા.નં.નિ અને અસ./અષણ-૫/૭૦૩ /૨૦૧૫.
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ
સહકારખાતુ , ગુ.રા., ચોથેમાળ,
કૃષિભવન, પાલડી,અમદાવાદ.
ફોન.નં.:૨૬૫૭૭૩૯૧,ફેક્સ- ૨૬૫૭૭૩૯૨
Email : exoff –agri- and @gujarat.gov.in
તા.૨૩/૭/૧૫

વિષય- દૂધ ઉત્પાદક સહકારી મંડળી તથા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ઓડીટ બાબતે દૂધના જથ્થાની ચકાસણી બાબત

પરિપત્ર:-

આપ સર્વેને સુવિદિત છે કે દૂધ ઉત્પાદક સહકારી મંડળી તથા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની નોંધણી વખતે તેના મંજૂર થયેલા પેટા કાયદામાં કાર્યક્ષેત્ર નક્કી કરવામાં આવે છે. અને સદર કાર્યક્ષેત્રના દૂધ ઉત્પાદક સભાસદો પાસેથી દૂધ એકત્ર કરી,પ્રોસેસીંગ માટે જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘને મોકલવામાં આવે છે. કેટલીક જગ્યાએ સૂચિત મંડળી/દૂધ કેન્દ્ર દ્વારા દૂધ એકત્ર થાય છે. સામાન્ય રીતે મંડળી/સૂચિત મંડળી/દૂધ કેન્દ્રના કાર્યક્ષેત્રમાં દૂધ ઉત્પાદકો પાસે દૂધાળા પશુઓની સંખ્યા, તે પૈકી દૂધ આપતા પશુઓની સંખ્યાની સરખામણીમાં મંડળીમાં દૂધનો જથ્થો ભરાવો જોઇએ, પરંતુ અનુભવે એવું જણાયું છે કે, સંઘના કાર્યક્ષેત્રની કેટલીક દૂધ મંડળીઓમાં, સૂચિત મંડળી/દૂધ કેન્દ્રમાં કોઇ ચોક્કસ સમયગાળામાં કાર્યક્ષેત્રમાંથી એકત્ર થતાં દૂધનો જથ્થો અસાધારણ રીતે એકાએક વધી જાય છે. અને તે મુજબ દૂધ સંઘ તરફથી દૂધ મંડળીને/સૂચિત મંડળી/દૂધ કેન્દ્રને નાણાં પણ ચૂકવવામાં આવે છે. આ પ્રમાણે અસાધારણ પ્રમાણમાં એકાએક દૂધનો જથ્થો કઇ રીતે વધ્યો તે બાબતે અત્રેના અન્વેષક અગર તો દૂધ સંઘના સુપરવાઇઝર દ્વારા ક્યારેય પૃચ્છા કરવામાં આવતી નથી. કાર્યક્ષેત્રમાં દૂધ ઉત્પાદક પાસે દૂધાળા ઢોરની સરખામણીએ અસાધારણ પ્રમાણમાં એકાએક દૂધનો જથ્થો વધી જાય તે આશ્ચર્યજનક બાબત છે, અને તે કાળજીપૂર્વકની ઉંડી ચકાસણી માગી લે તેવો વિષય છે.

આથી મિલ્ક ઓડીટ સાથે સંકળાયેલ તમામ સ્પે.ઓડીટરશ્રી/ઓડીટરશ્રી/સબ ઓડીટરશ્રીઓને આ બાબતે વાકેફ કરવામાં આવે છે કે જ્યારે પણ કોઇ દૂધ ઉત્પાદક સહકારી મંડળી/ સૂચિત દૂધ મંડળી/સંઘના દૂધ કેન્દ્રમાં તેના કાર્યક્ષેત્રમાં દૂધ ઉત્પાદકો પાસે દૂધાળા પશુઓની સરખામણીએ કોઇ ચોક્કસ સમયગાળામાં અગર તો કાયમી ધોરણે દૂધનો જથ્થો એકાએક વધી જાય અગર તો કાર્યક્ષેત્રમાં દૂધ ઉત્પાદકો પાસેના દૂધાળા ઢોરની સંખ્યાની સરખામણીએ એકત્ર થતો દૂધનો જથ્થો સુસંગત/સમપ્રમાણ

જણાતો ન હોય, તર્ક સંગત જણાતો ન હોય તેવી બાબત ધ્યાન પર આવે તો આ બાબતે ઉંડાણપૂર્વકની ચકાસણી કરવી, જેમકે દૂધનો જથ્થો રેકર્ડ ઉપર કયા દૂધ ઉત્પાદકોના નામે છે, આ દૂધ ઉત્પાદકો દૂધાળા ઢોર ધરાવે છે કે કેમ, જો હા તો તેની સંખ્યા, ત્યારબાદ સંઘમાં આ દૂધનો જથ્થો જમા કરાવ્યા પછી સંઘ દ્વારા સબંધિત દૂધ મંડળી/ સૂચિત મંડળી/દૂધ કેન્દ્રને ક્યા દરે કેટલી રકમની ચુકવણી થયેલ છે અને ત્યારબાદ આ રકમ ક્યા દૂધ ઉત્પાદકને રોકડેથી/ચેકથી/ડ્રાફ્ટથી/અન્ય રીતે ચુકવવામાં આવી છે, તેની સ્પષ્ટ વિગતો મેળવી, આ ગંભીર પ્રકારની અનિયમિતતા બાબતે સહકારી કાયદાની કઇ જોગવાઇ હેઠળ પગલાં ભરી શકાય તેમ છે. તેનો ધોરણસરના નિયત નમૂનામાં ખાસ અહેવાલ રજુ કરવો તેમજ આ બાબતે ફ્રોડ, નાણાંકીય ઉચાપત, જેવી ગંભીર નાણાંકીય અનિયમિતતા જણાય તો ભારતીય ફોજદારી ધારાની આનુસંગિક જોગવાઇ હેઠળ ફોજદારી કાર્યવાહી માટેનો ખાસ અહેવાલ રજુ કરવો. તેમજ આ ગંભીર અનિયમિતતામાં સંડોવાયેલા તમામ જવાબદારોના નામ, સરનામા, હોદ્દા સાથેની સંપૂર્ણ વિગતો રજુ કરવી. આ ગંભીર અનિયમિતતામાં સીધી રીતે સંડોવાયેલા તમામ જવાબદારોની યાદી તથા જેમની ગુનાહિત મદદગારી સંકળાયેલી હોય તે તમામની યાદી રજુ કરવી અને ક્યા પ્રકારે આ ગંભીર અનિયમિતતા થયેલ છે તેની સ્પષ્ટ વિગતો જરૂરી આધારપુરાવા અને કારણો સાથે રજુ કરવી.મંડળી/સૂચિત મંડળી/દૂધ કેન્દ્રના કાર્યક્ષેત્રમાં દૂધ ઉત્પાદકો પાસે દૂધાળા ઢોરની સંખ્યા બાબતે તલાટી/ગ્રામસેવક/પશુપાલન ખાતા પાસેના આંકડાને આધારભૂત ગણવા તેમજ અન્ય રીતે ભૌતિક ચકાસણી પણ કરવી. વધુમાં અન્વેષકોના ધ્યાન ઉપર એ બાબત પણ મૂકવામાં આવે છે કે જે તે અન્વેષકના ધ્યાન ઉપર અન્વેષણ દરમ્યાન આવી ગંભીર અનિયમિતતા ધ્યાને આવે તો સહકારી કાયદાની કલમ-૮૬ હેઠળની ચોક્સી, કલમ-૮૭,૮૮ હેઠળની તપાસણી સૂચિત કરવાના બદલે સંબંધિત અન્વેષકે જાતે જ ઉંડાણપૂર્વકની ચકાસણી કરીને અન્વેષણ કામગીરી પૂર્ણ કરી, સક્ષમ સત્તાધિકારી સક્ષમ ખાસ અહેવાલ રજુ કરવો. અન્યથા આ બાબતને ગંભીરતાથી લેવામાં આવશે.

સંબંધિત જિલ્લાના જિલ્લા રજિસ્ટ્રારશ્રીઓને પણ જણાવવામાં આવે છે કે મિલ્ક ઓડીટની સમીક્ષા અંગેની સંકલન બેઠક, એકસૂત્રતા બેઠકમાં એજન્ડામાં આ મુદ્દો અવશ્યપણે લઇ ચર્ચા-પરામર્શ કરવો. જેથી આ બાબતે સતર્કતા રહે તેમજ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ઇન્સપેક્શન/મુલાકાત દરમ્યાન પણ આ મુદ્દા પરત્વે ચકાસણી કરી જરૂર જણાયે સંબંધિત સ્પે. ઓડીટરશ્રી (મિલ્ક ઓડીટ) ના ધ્યાને આ બાબત મૂકવી.

આ પરિપત્રનો ચૂસ્તપણે અમલ કરવા તેમજ આપના જિલ્લાનાં તમામ સ્પે.ઓડીટરશ્રી/ઓડીટરશ્રી/સબ ઓડીટરશ્રીઓને પરિપત્રિત કરી, તેમની સહી મેળવીને રેકર્ડ ઉપર આધાર રાખવો.

આ પરિપત્ર મળ્યા બદલની પહોંચ પાઠવવી.

( કૌશિક જોષી )

મુખ્ય કાર્યપાલક અધિકારી,

નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ,

સહકાર ખાતું, ગુ.રા, અમદાવાદ

પ્રતિ,

(૧) સ્પે.ઓડીટરશ્રી, (મિલ્ક ઓડીટ) મિલ્ક ઓડીટ ઓફીસ, તમામ (આપના તાબાના કર્મચારીઓને

પરિપત્રીત કરી, ચૂસ્તપણે અમલ કરવા સારૂ.)

(૨) જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ તમામ. (જાણ તેમજ મિલ્ક ઓડીટની સંકલન બેઠક તથા એકસૂત્રતા બેઠકમાં ચર્ચા-પરામર્શ સારૂ.)

(૩) કચેરીના તમામ અધિકારીઓ અને શાખાવડાશ્રીઓ.

<u>નકલ સાદર રવાના:-</u>

(૧) નાયબ સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સહકાર કમિશ્નર અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૩) પ્રમુખશ્રી, ગુજરાત સહકારી ટ્રિબ્યુનલ, અમદાવાદ.

(૪) સંયુક્ત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, તમામ.

(૫) અધિક રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) સહકારી મંડળીઓ, રાજકોટ

(૬) સંયુક્ત રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) અમદાવાદ/વડોદરા.

(૭) ખાંડ નિયામકશ્રી, ગાંધીનગર.

(૮) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (વાણીજ્ય), વડી કચેરી, ગાંધીનગર

(૯) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (વહીવટ), વડી કચેરી, ગાંધીનગર (વેબ સાઇટ ઉપર મૂકવા વિનંતી સહ)

(૧૦) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (ઓડીટ), વડી કચેરી, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત કો-ઓપ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ. આણંદ.(જાણ તેમજ જરૂરી સુપરવીઝન અર્થે વ્યવસ્થા ગોઠવવા સારૂ)

(૨) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (તમામ) (જાણ તેમજ જરૂરી સુપરવીઝન અર્થે)